# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/07/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સરકારી સેવામાં પારદર્શક, પ્રામાણિક અને સંવેદનશીલ બનીને નાગરિકોની સેવા કરવા કૃષિ વિભાગના નવનિયુક્ત અધિકારીઓને કૃષિ મંત્રી જીતુ વાઘાણીની અપીલ.**
2. **પુર રાહત સહાય હેઠળ સુરત શહેરના છ તાલુકામાં ત્રણ હજાર 700 થી વધુ અસરગ્રસ્તોને 7.20 કરોડથી વધુની આર્થિક સહાય ચૂકવાઈ.**
3. **રાજકોટમાંથી અંદાજે દોઢ કરોડ રૂપિયાની વીજચોરી ઝડપાઇ.**
4. **ઊંઝાના જીરું અને વરિયાળીને મળ્યો પ્રતિષ્ઠિત GI ટેગ.**
5. **અમદાવાદમાં રથયાત્રા નિમિત્તે આજે નેત્રોત્સવ વિધિ - ભગવાન સોનાવેશ ધારણ કરશે.**
6. **બર્મિંગહામમાં આજની મેચ સાથે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રણ મેચની એકદિવસિય શ્રેણીનો આજથી આરંભ.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# APPOINTMENT LETTER JITU WAGHANI

સરકારી સેવામાં 'પારદર્શક, પ્રામાણિક અને સંવેદનશીલ' બનીને નાગરિકોની સેવા કરવા નવનિયુક્ત અધિકારીઓને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ અપીલ કરી છે. કૃષિ વિભાગ હસ્તક નવનિયુક્ત 24 અધિકારીઓને નિમણૂક પત્રો એનાયત કરતાં કૃષિમંત્રીએ આ અપીલ કરી હતી.

નિમણૂંક પત્રો એનાયત થયા તેમાં 8 નાયબ પશુપાલન નિયામક, 2 મત્સ્ય અધિકારી અને 14 બાગાયત સુપરવાઈઝરનો સમાવેશ થાય છે.

## BYTE: JITU VAGHANI, MINISTER OF AGRICULTURE

# SURAT RELIEF

સુરત શહેરના છ તાલુકામાં અસરગ્રસ્તોને કુલ સાત કરોડ 20 લાખ રૂપિયાથી વધુની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવી છે. ગઇકાલ સુધીમાં ત્રણ હજાર 715 અસરગ્રસ્ત લાભાર્થીઓને 84 લાખથી વધુની આર્થિક સહાય પેટે કેશડોલ્સ તેમજ ઘરવખરી નુકસાનીની સહાય ચૂકવવામાં આવી છે. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ સર્વેની કામગીરી ચાલી રહી છે.

# RAJKOT – BHAKTINAGAR RAILWAY STATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આગામી 17મી તારીખે રાજકોટના ભક્તિનગર રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરાશે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત 26.80 કરોડના ખર્ચે સ્ટેશનનો પુનર્વિકાસ કરાયો છે, જેમાં સ્ટેશન ભવનના વિકાસ માટે 11.81 કરોડ અને ફૂટ ઓવર બ્રિજ નિર્માણ માટે 14.99 કરોડની રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સ્ટેશન પર મહિલા અને પુરુષો માટે અલગ એરકન્ડિશન્ડ પ્રતીક્ષાલય અને આધુનિક વીઆઈપી રૂમ સહિત અદ્યતન સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

# ADMMISSION

ધોરણ 10 પછીના ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની ફાળવણી કરવામાં આવી હતી. ગઇકાલથી થયેલી પ્રવેશ ફાળવણીમાં 30 હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે. વિદ્યાર્થીઓએ પ્રવેશ 17 જુલાઇ સુધી નિશ્ચિત કરાવવાનો રહેશે. સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની 19 હજાર અને ખાનગી કોલેજોની 11 હજાર બેઠકો માટે આ પ્રવેશ ફાળવાયો છે.

## NEET OMR SHEET

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ NEET (UG) 2026 પુનઃપરીક્ષા-OMR શીટ્સ અને ઉમેદવારો માટે રેકોર્ડ કરેલા જવાબોને સત્તાવાર વેબસાઇટ NEET.NTA.NIC.IN પર જાહેર કર્યા છે. એજન્સીએ જણાવ્યું કે, ઉમેદવારો તેમના એપ્લિકેશન નંબરની સાથે લોગ ઇન કરી તેમના ચિહ્નિત જવાબોની તુલના કરી શકે છે.

## CHHOTAUDEPUR – COLLECTOR IN CLASS ROOM CAMPAIGN

છોટાઉદેપુરમાં "સશક્ત દીકરી - કલેક્ટર ઇન ક્લાસરૂમ" અભિયાન અંતર્ગત જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને સંખેડા તાલુકાની સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિશેષ મુલાકાત લીધી. તેમણે શાળાની વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ સાધી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓને 'પ્લાન્ટેબલ પેન્સિલ' નું વિતરણ કરાયું હતું.

## ARVALLI VRUKSH VANDANA

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે વૃક્ષ વંદના કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. મોડાસા કેળવણી મંડળની વિવિધ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અને મોડાસાના ધારાસભ્ય ભિખુસિંહજી પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી પરમારે આ મુજબ જણાવ્યું.....

**BYTE - BHIKHUSINHJI PARMAR, FORMER MINISTER**

# RAJKOT PGVCL – VIJ CHORI

રાજકોટમાં વીજચોરી પકડવા વીજતંત્ર દ્વારા તપાસ અભિયાન આંરભાયું છે. જે અઁતર્ગત રાજકોટમાં પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની દ્વારા વીજ તપાસ દરમિયાન 1.48 કરોડની વીજચોરી ઝડપાઈ છે. આ દરમિયાન ત્રણ હજાર 595 વીજ જોડાણની તપાસ હાથ ધરાઇ હોવાનું **PGVCL**ના અધિકારી તપન વોરાએ જણાવ્યુ હતું.

**BYTE: TAPAN VORA, PGVCL OFFICER**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# EVE STATE RAIN DATA

રાજ્યભરમાં નહીંવત્ વરસાદ વચ્ચે અત્યાર સુધી રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ **25** ટકા વરસાદ નોંધાયો છે. તેના કારણે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 65 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 10 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.

# VALSAD – RAIN NOTIFICATION

ચોમાસા દરમિયાન ડૂબી જવાની ઘટનાઓ અટકાવવા વલસાડ જિલ્લામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ જાહેરનામું બહાર પાડ્યું છે. જે અંતર્ગત જિલ્લાની તમામ નદીઓ, દરિયા, તળાવો, નહેરો, ચેકડેમ, જળાશયો અને પિકનિક સ્પોટ પર લોકોના પ્રવેશ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# WEATHER

રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી દિવસોમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયો હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા હોવાથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જળવાઈ રહેશે.

# UNJHA JIRU VARIYALI – GI TAG

મહેસાણાના ઊંઝાના જીરું અને વરિયાળીને સત્તાવાર રીતે ભૌગોલિક સંકેત એટલે કે **GI** ટેગ એનાયત કરાયો છે. એશિયાના સૌથી મોટા મસાલા બજાર ગણાતા ઊંઝા માર્કેટયાર્ડના 'ઊંઝા જીરા' અને 'ઊંઝા વરિયાળી'ને **GI** ટેગ મળતા વૈશ્વિક બજારમાં તેની પહોંચ વધશે અને ખેડૂતોને પણ આનો લાભ મળશે.

સાથે જ તેની વિશ્વસનીયતામાં વધારો થશે તેમ માર્કેડયાર્ડના ચેરમેન દિનેશ પટેલે જણાવ્યુ હતું.

**BYTE: DINESH PATEL, MARKET YARD CHAIRMAN**

# RATHYATRA NETROTSAV

અમદાવાદમાં રથયાત્રા પૂર્વે આજે ભગવાનની નેત્રોત્સવ પૂજા, ધ્વજારોહણ અને સંત સન્માન સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલ, જિતુ વાઘાણી સહિતના મંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે.

સાંભળીએ એક અહેવાલ....

**VC: HANSINI VAJA**

*(... ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે આજ વહેલી સવારથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજીની મંદિરના ગર્ભગૃહમાં રત્નવેદી પર પ્રતિષ્ઠાની વિધિ શરૂ કરાઇ છે. ત્યારબાદ નેત્રોત્સવ પૂજન વિધિ, ધ્વજારોહણ અને મહાઆરતી*

*થશે. સવારે 11 વાગ્યે સાધુસંતો માટેનો ભંડારો અને વસ્ત્રદાન સમારંભ યોજાશે. જ્યારે આવતીકાલે સવારે ભગવાનશ્રીનો સોનાવેશમાં શણગાર અને ગજરાજોની પૂજાવિધિ કરાશે. ત્યારબાદ મંદિરના પ્રાંગણમાં રથ પ્રતિષ્ઠા થશે. બપોરે રથપૂજન અને આરતી તેમજ સાંજે આઠ વાગ્યે વિશિષ્ટ પૂજા સંધ્યા આરતી કરાશે.*

*હંસીની વાજા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# CRICKET

ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI શ્રેણીનો આજથી આરંભ થઇ રહ્યો છે. બર્મિંગહામના એજબેસ્ટન ખાતે આજે ભારતીય સમય અનુસાર બપોરે સાડા ત્રણ વાગે આ મેચ રમાશે.

ભારતીય ટીમને મજબૂત બનાવવા માટે બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા ટીમમાં પરત ફર્યા છે, જ્યારે ઝડપી બોલર જસપ્રીત બુમરાહ પણ પરત ફર્યા છે. શ્રેણીની બીજી મેચ ગુરુવારે કાર્ડિફમાં અને ત્રીજી અને અંતિમ મેચ 19 જુલાઈએ લોર્ડ્સમાં રમાશે.

# SURAT – BOBM EMAIL

સુરતના અઠવાલાઈન્સ ખાતે કોર્ટ બિલ્ડિંગમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી ભર્યો ઈમેલ મળતાં પોલીસે તપાસ હાથ ધરી. પ્રાથમિક માહિતી મુજબ ઘટના સ્થળેથી કશું વાંધાજનક મળી આવ્યું નથી. કોર્ટની સરકારી મેઈલ આઈડી પર ધમકી ભર્યો ઈ-મેલ મળતાં પોલીસ અને ડોગ સ્કોર્ડની ટીમે કોર્ટ બિલ્ડીંગ અને પરિસરમાં તપાસ હાથ ધરી હતી. પોલીસે ઈ -મેલ કરનારની તપાસ શરૂ કરી છે.

# BHARUCH FIRE

ભરૂચની દહેજ **GIDC**ની ખાતે એક કંપનીમાં ભીષણ આગ લાગી હતી. કંપનીમાં નવી પ્રોડક્ટ માટેની ટ્રાયલ દરમિયાન સોલ્વન્ટના જથ્થામાં અચાનક આગ ફાટી નીકળી હતી. અગ્નિશમન દળોએ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે, ઘટના સમયે કંપનીમાં હાજર 10 જેટલા કામદારો બહાર નિકળી જતા કોઈ જાનહાની સર્જાઈ ન હતી.

-------------------------------